# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૮૩ તા.૨૮-૧૧-૨૦૨૩

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે જ :-

વિષય:- સી.પી.આર. તાલીમનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૩/૭૮૬૫-૭૯૧૮, તા. ૨૩-૧૧-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજય ભરમાં નાની ઉંમરના બાળકો, યુવાનોમાં કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ અટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. સતત બનતી આવી ઘટનાઓ રોકવા રાજય સરકાર કટિબધ્ધ છે. જેના અનુસંધાને તા. ૨૨-૧૧-૨૦૨૩ ના રોજ માન. શિક્ષણમંત્રીની અધ્યક્ષતામાં INDIAN SOCIETY OF ANAESTHESIOLOGIST- GUJRAT ના સહયોગથી રાજયની ૩૭ મેડિકલ કોલેજના ડીન તથા ડૉકટરશ્રીઓની ઉપસ્થિતિમાં રાજયભરની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત પ્રાથમિક શાળાના શિક્ષકોને સી.પી.આર. તાલીમ આપવા અંગે આયોજન કરવા જણાવેલ જે સંદર્ભે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ હસ્તકની શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોની તાલીમનું આયોજન તા. ૦૩-૧૨-૨૦૨૩ ના રોજ સામેલ પત્રક મુજબ કરવામાં આવેલ છે. તમામ મુખ્ય શિક્ષક અને  શિક્ષકોએ આયોજનમાં દર્શાવેલ તાલીમની તારીખે ઉપસ્થિત રહી સી.પી.આર.ની તાલીમ લેવાની રહેશે. આયોજન પત્રક મુજબ દર્શાવેલ સમયના અડધો કલાક પહેલા તાલીમના સ્થળે ઉપસ્થિત રહેવું.

બિડાણ :- સંદર્ભિત પત્ર તથા સી.પી.આર. તાલીમનું આયોજન પત્રક

તા.૨૮-૧૧-૨૦૨૩

ડૉ. એલ.ડી. દેસાઈ
શાસનાધિકારી

## નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

## સીપીઆર તાલીમ આયોજન

તાલીમની તા.૦૩-૧૨-૨૦૨૩

| ક્રમ | હોસ્પિટલનું નામ | ઝોનનું નામ | શિક્ષકની સંખ્યા | સ્કૂલ બોર્ડના કો.ઓ.શ્રીનું નામ | મોબાઈલ નંબર | બેચ | સમય | મેડીકલ કોલેજના સંપર્ક અધિકારીશ્રીનું નામ | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એન.એચ.એલ. મેડિકલ કોલેજ | દક્ષિણ-૧, દક્ષિણ-૨ | ૭૩૫ | શ્રી વિપુલભાઈ ચૌધરી | ૬૩૫૭૦૭૩૯૧૮ | ૩ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦<br>૧૨-૦૦ થી ૧-૦૦ | ડૉ..જીજ્ઞેશ બ્રહ્મભટ્ટ | ૯૮૨૪૫૪૨૧૮૦ |
| ૨ | સોલા સિવિલ | દક્ષિણ- પશ્ચિમ,<br>ઉત્તર- પશ્ચિમ,<br>પશ્ચિમ-૧ | ૮૯૬ | શ્રી દિનેશભાઈ દેસાઈ | ૯૪૨૬૩૬૬૦૮૮ | ૩ | ૦૯-૦૦ થી ૧૦-૦૦<br>૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦ | ડૉ. કમલેશ રાજગોર | ૯૪૨૬૩૦૫૪૫૪<br>૮૩૨૦૦૧૫૯૫૪ |
| ૩ | એમ.કે. શાહ, ચાંદખેડા | પશ્ચિમ-૨ | ૨૭૫ | શ્રી સ્નેહલબેન મોદી | ૭૫૭૩૯૫૨૬૩૭ | ૨ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦ | ડૉ. ડી.જી.પટેલ | ૯૮૨૫૩૨૫૪૦૦ |
| ૪ | બી.જે. મેડિકલ કોલેજ | મધ્ય, હિન્દી | ૭૯૪ | શ્રી દિપિકાબેન બ્રહ્મભટ્ટ | ૭૫૭૩૯૫૨૬૪૧ | ૩ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦<br>૧૨-૦૦ થી ૧-૦૦ | ડૉ.કિરીટભાઈ પટેલ | ૯૫૭૯૧૮૫૫૩૦<br>૯૨૬૫૩૨૫૬૧૧ |
| ૫ | જી.સી.એસ.હોસ્પિટલ | ઉત્તર, અંગ્રેજી | ૮૪૫ | શ્રી કિશનસિંહ રાઠોડ | ૭૫૭૩૯૫૨૬૩૯ | ૪ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦<br>૧૨-૦૦ થી ૧-૦૦<br>૧-૦૦ થી ૨-૦૦ | ડૉ. પરેશ પડસાલા | ૯૮૭૯૫૮૩૬૫૧ |
| ૬ | જી.સી.આર.આઈ. | ઉર્દૂ | ૩૮૫ | શ્રી નિઝામુદ્દીન શેખ | ૯૩૭૬૧૫૪૦૯૧ | ૨ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦ | ડૉ. દિલીપ શર્મા | ૭૦૧૬૯૨૪૧૫૭ |
| ૭ | નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ | પૂર્વ | ૬૬૧ | ડૉ. નિમિષાબેન ચૌહાણ | ૬૩૫૭૦૭૩૯૧૪ | ૩ | ૧૦-૦૦ થી ૧૧-૦૦<br>૧૧-૦૦ થી ૧૨-૦૦<br>૧૨-૦૦ થી ૧-૦૦ | ડૉ. સ્નેહન દવે | ૯૮૨૫૩૨૨૦૬૦ |
| | | | ૪૫૯૧ | | | | | | |

સમગ્ર તાલીમનું સંકલન : શ્રી પરિમલભાઈ એ. પટેલ, નાયબ શાસનાધિકારી (૯૯૦૯૦૪૪૧૪૯)

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ક્રમાંક: પ્રાશિનિ/ક-નીતિ/2023/૭૮૬૪-૭૯૯૮
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.તા.૨૩/૧૧/૨૦૨૩.

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
નગર શિક્ષણ સમિતિ, તમામ.

**વિષય:-** CPR(Cardio Pulmonary Resuscitation) તાલીમનું આયોજન કરવા બાબત.
**સંદર્ભ:-** ૧.માન. મંત્રીશ્રી(શિક્ષણ) ના કાર્યલયના તા:- ૨૧/૧૧/૨૩ ના પત્રક્રમાંક:- અં.સ./૭૭૨૬/૨૦૨૩
૨.શિક્ષણ વિભાગના તા:- ૨૧/૧૧/૨૦૨૩ ના પત્રક્રમાંક:- પીઆરઇ/૧૨૨૦૨૩/CPR તાલીમ/ક

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, તાજેતરમાં રાજ્યભરમાં નાની ઉંમરના બાળકો, યુવાનોને કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેકના કિસ્સાઓ વધી રહ્યા છે. સતત બનતી આવી ઘટનાઓ અંગે રાજ્ય સરકાર સંવેદનશીલ છે. કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેકની બનતી ઘટનાઓ રોકવા રાજ્ય સરકાર કટિબદધ છે. જેના અનુસંધાને તા:-૨૨/૧૧/૨૦૨૩ ના રોજ માન. શિક્ષણમંત્રીશ્રીની અદયક્ષતામાં INDIAN SOCIETY OF ANAESTHESIOLOGIST- GUJARAT ના સહયોગથી રાજ્યની ૩૭ મેડીકલ કોલેજના ડીન તથા ડૉક્ટરશ્રીઓની ઉપસ્થિતિમાં રાજ્યભરની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત પ્રાથમિક શાળાના શિક્ષકોને CPR(Cardio Pulmonary Resuscitation) તાલીમ આપવા અંગે આયોજન કરવા બાબતે વિડિયો કોન્ફરન્સનું આયોજન કરી જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ છે. રાજ્યભરમાં આવેલ પ્રાથમિક શાળાઓના વધુમાં વધુ શિક્ષકો આ તાલીમ મેળવી શકે તે અર્થે નીચે મુજબનું આયોજન કરવામાં આવેલ છે.

| | |
|---|---|
| તાલીમની તારીખ | તા:- 03/૧૨/૨૦૨૩(રવિવાર) અને<br>તા:- ૧૭/૧૨/૨૦૨૩ (રવિવાર) |
| તાલીમનું સ્થળ | જે તે જિલ્લાની મેડીકલ કોલેજ |
| તાલીમનો સમય | સવારે ૧૦-૦૦ કલાક થી સાંજના ૦૬-૦૦ કલાક |
| તાલીમની બેચનો સમયગાળો | ૧ કલાકની બેચમાં ૩૦૦ શિક્ષક ને તાલીમ<br>(૧ દિવસમાં ૧ કલાક ની આઠ બેચમાં કુલ ૨૪૦૦ શિક્ષકોને તાલીમ )<br>તાલીમના ૨ દિવસમાં જિલ્લા દીઠ કુલ ૪૮૦૦ શિક્ષકોને તાલીમ. |

ઉક્ત તાલીમ દરમિયાન આપના જિલ્લામાં કાર્યરત વધુમાં વધુ શિક્ષકોને લાભ મળી રહે તે અર્થે નીચે મુજબની સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.

- ૧ બેચમાં ૩૦૦ શિક્ષકોને તાલીમ આપવાની હોઇ ૧ જ તાલુકાના ૩૦૦ શિક્ષકોનો સમાવેશ થાય તે મુજબ આયોજન કરવાનુ રહેશે.
- જો કોઇ ૧ તાલુકામાં શિક્ષકોની સંખ્યા ૩૦૦ થી ઓછી સંખ્યા હોય તો નજીકના તાલુકાના શિક્ષકોને સમાવિષ્ટ કરી બેચ બનાવવાની રહેશે.

F:\OK Work\2023\letter-2023.doc_438

Scanned with CamScanner

- CPR તાલીમ અર્થે માન. મંત્રીશ્રીની અધ્યક્ષતામાં આયોજિત વિડિયો કોન્ફરન્સમાં આપવામાં આવેલ સુચનાઓ ધ્યાને લેવાની રહેશે.
- ઉકત તાલીમમાં તાલીમનો લાભ લેનાર બેચવાઇઝ શિક્ષકોની યાદી બનાવી આ સાથે સામેલ યાદી મુજબ સંબધિત જિલ્લાની મેડિકલ કોલેજના ડોકટરશ્રીને યાદી મોકલી આપવાની રહેશે.
- જે જિલ્લાઓમાં મેડીકલ કોલેજ નથી એ જિલ્લાઓએ તા:- ૦૩/૧૨/૨૦૨૩ ના પ્રથમ તબક્કામાં આયોજન કરવાનું નથી પરંતુ, તેમના નજીકના જિલ્લાના મેડિકલ કોલેજના ડોકટરશ્રીના પરામર્શમાં રહી તે પછીના તબક્કામાં આયોજન કરવાનું રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રી એ સંબંધિત મેડીકલ કોલેજના ડૉકટરશ્રીના સંકલનમાં રહી જે તે જિલ્લાના શિક્ષકો બેચવાઇઝ ફાળવેલ સમય મુજબ તાલીમના સ્થળે પહોચે તે મુજબનું આયોજન કરવાનું રહેશે.

**સંયુકત શિક્ષણ નિયામક**
**પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી**
**ગુ.રા.ગાંધીનગર**

**સવિનય નકલ રવાના:-**

- અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી,શિક્ષણનું કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner